**ગુજરાત માધ્ય\મિક અને ઉચ્ચ૦તર માધ્યાંમિક શિક્ષણ બોર્ડ,**
**સેકટર-૧૦-બી, જુના સચિવાલય પાસે, ગાંધીનગર.**

---

**<u>બોર્ડની કચેરીના ભોંયરામાં પડેલ બિનઉપયોગી લોખંડ સીલીંગ પંખા, એ.સી મશીન, લાકડું તથા પરચુરણ ભંગારની જાહેર હરાજીની શરતો</u>**

1. પરચુરણ ભંગારની જાહેર હરાજીમાં ભાગ લેનાર સ્ક્રેપના વેપારીઓએ કચેરી કામકાજના દિવસોમાં બોર્ડની સેકટર-૧૦-બી , ગાંધીનગર ખાતેની કચેરીમાં સ્ટોર શાખાની રૂબરૂ કચેરી સમય દરમ્યાન મુલાકાત લઇ કચેરીના ભોંયરામાં પડેલ બિનઉપયોગી લોખંડ , સીલીંગ પંખા, એ.સી મશીન, લાકડું તથા પરચુરણ ભંગારની જાતે ચકાસણી કરી તા.૨૪/૬/૨૦૨૧ ના રોજ ૧૫:૦૦ કલાકે હરાજીમાં ભાગ લેવાનો રહેશે.
2. પરચુરણ તમામ ભંગારની અપસેટ પ્રાઇઝ પત્રક-૧ માં જણાવ્યા પ્રમાણે રહેશે.
3. હરાજીમાં ભાગ લેવા માટે ઇજારદારે ડિપોઝિટ પેટે રૂ. ૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પૂરા) રોકડા ભરવાનાં રહેશે.
4. હરાજીમાં ભાગ લેનારે ડિપોઝિટ જમા કરાવેલ હશે તો અપસેટ કિંમત માટેની તેની બોલી ગણાશે અને હરાજીના દિવસે જો અપસેટ કિંમત ન બોલે તો ડિપોઝિટ જપ્ત કરવામાં આવશે.
5. ભંગારની હરાજી માટે તા.૫/૬/૨૦૨૧ થી તા.૨૪/૬/૨૦૨૧ ૧૧.૦૦કલાક સુધી નિયત સમયમર્યાદા સુધીમાં ડીપોઝિટ ભરનાર ઇસમ જ હરાજીમાં ભાગ લઇ શકશે. તે સિવાયની કોઇ વ્યક્તિ હરાજીમાં ભાગ લેવા હક્કદાર રહેશે નહી. ડીપોઝિટ ભર્યાની પહોંચ હરાજી સમયે સાથે રાખવાની રહેશે. હરાજીની શરૂઆત તળિયાની કિંમત (અપસેટ પ્રાઇઝ)થી કરવામાં આવશે. અને જ્યાં સુધી કોઇપણ ભાગ લેનાર બોલવાનું ચાલુ રાખે ત્યાં સુધી ચાલુ રહેશે. જ્યારે બોલી બોલવાનું બીલકુલ બંધ અટકી જાય ત્યારે ત્રણ વાર તક આપ્યા પછી છેલ્લે સૌથી વધુ બોલી બોલનાર વ્યક્તિને સદરહું ભંગારનું વેચાણ આપવા અંગે વિચારણા કરવામાં આવશે.
6. હરાજીમાં ભાગ લેવા પહેલાં મોબાઇલ ફોન જમા કરાવવાનો રહેશે.
7. સૌથી વધુ બોલી બોલનાર વ્યક્તિને સદરહું વાહન વેચાણ આપવું કે કેમ? તેનો આખરી નિર્ણય કરવાની સત્તા માન.અધ્યક્ષશ્રીને રહેશે.
8. હરાજીની બોલી રૂ.૧૦૦૦ના ગુણાંકમાં બોલવાની રહેશે.
9. સૌથી વધુ બોલી બોલનાર વ્યક્તિ સિવાયની અન્ય વ્યક્તિઓને સ્થળ ઉપર તેઓની ડીપોઝિટ અસલ પહોંચ રજુ કરતાં પરત કરવામાં આવશે.
10. પરચુરણ ભંગારની જાહેર હરાજીમાં જેના ભાવો સૌથી વધુ હશે તે ઇજારદારની ઑફર બોર્ડ મંજૂર કરશે. તેઓએ ચીજ વસ્તુની કિંમતના ૫૦% રકમ એ જ દિવસે ભરવાની રહેશે અને બાકીની ૫૦% રકમ દિન – ૩માં ભરવાની રહેશે. ચીજ વસ્તુની પુરેપુરી રકમ જમા

કરાવી તેની અસલ પહોંચ રજુ કર્યેથી કચેરીના ભોંયરામાં પડેલો ભંગાર “જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં” પોતાના વાહનમાંસ્વખર્ચે અને જોખમે અત્રેની કચેરીએથી લોડીંગ કરી દિન – 3 માં ઉપાડી લેવાનો રહેશે. H1 ઇજારદાશ્રીએ ભંગારની ૧૦૦% રકમ રોકડ જમા કરાવવાની રહેશે જો રકમ જમા કરવામાં નહિ આવે તો ડિપોઝિટની રકમ જપ્ત કરવામાં આવશે. ત્યારબાદ મહત્તમ ભાવ ભરનાર H2 ને બોર્ડ તરફથી ઓફર કરવામાં આવશે અને જો H2 પણ નિષ્ફમળ નિવડશે તો H3ને બોર્ડ તરફથી વિધિવત ઓફર કરવામાં આવશે. જે બાબત હરાજીમાં ભાગ લેનાર દરેક ઇજારદારે ધ્યાફને રાખવાની રહેશે. ભંગારની હરાજીની મંજુર થયેલ કિંમત ઉપરાંત નિયમો અનુસાર GST ની રકમ અલગથી ભરવાની રહેશે.

11. આ ભંગાર માટે મળેલી ઓફરો મંજુર કરવી કે નામંજુર કરવી કે અંશતઃ મંજુર કરવી, તે અંગેનો આખરી નિર્ણય લેવાનો બોર્ડને અબાધિત હક્ક રહેશે.
12. સંજોગોવસાત જાહેર હરાજી માટે કોઇ પ્રતિસાદ નહીં મળે તો લઘુત્તમ બીડની રકમ કરતાં ઓછા અથવા વધુ દરે ફરીથી પુન:હરાજી કરવાનો નિર્ણય બોર્ડ પાસે અબાધિત રહેશે.
13. જાહેર હરાજી અંગેનો આખરી નિર્ણય અધ્યક્ષશ્રીનો રહેશે.

## બાંહેધરી પત્રક

ઉપરોક્ત હરાજીમાં ભાગ લેવા માટે મેં જરૂરી ડિપોઝિટ પહોંચ નં ............... અને તા............ થી ભરેલ છે અને હરાજીમાં ઉપરોક્ત નિયમ સાથે સહમત થાઉ છું.

**સ્થળ : ગાંધીનગર**

તારીખ : .......................

**(હરાજીમાં ભાગ લેનારની સહી)**

**નામ :**

**સરનામું :**

**મોબાઇલ નંબર :**

## ગુજરાત માધ્યUમિક અને ઉચ્ચ.તર માધ્યપમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર ,

## ભંગાર હરાજીની નક્કી કરેલ અપસેટ પ્રાઇઝ

## પત્રક -૧

## નક્કી કરેલ અપસેટ પ્રાઇઝ

| ક્રમ | ભંગારની યાદી | સંખ્યા | નક્કી કરેલ અપસેટ પ્રાઇઝ | |
|---|---|---|---|---|
| | | | પ્રતિ નંગ / પ્રતિ કિ.ગ્રામ ભાવ | કુલ રકમ |
| 1 | રીવોલવીંગ ખુરશી | 20 | 200 | 4000 |
| 2 | પ્લા સ્ટીભક ખુરશી | 10 | 100 | 1000 |
| 3 | પ્લાસ્ટીક ટેબલ | 10 | 200 | 2000 |
| 4 | કૂલર જુના | 01 | 500 | 500 |
| 5 | આર,ઓ ( વોટર પ્રોરિફાય ) | 01 | 300 | 300 |
| 6 | પતરાની પેટી | 21 | 200 | 4200 |
| 7 | લોખંડની પાઇપ (૧૫ ફુટ) | 21 | 1000 | 21000 |
| 8 | લાક્ડા ની ખુરશી | 14 | 50 | 700 |
| 9 | પંખા | 14 | 215 | 3000 |
| 10 | ટેબલ પંખા | 24 | 260 | 6240 |
| 11 | ઇલેકટ્રીક પેટી | 01 | 650 | 650 |
| 12 | એ.સી. કોમ્પ્રે□સર | 12 | 6700 | 80400 |
| 13 | જુની ટયુબલાઇટ | 80 | 25 | 2000 |
| 14 | ઘોડા | 11 | 909 | 10000 |
| 15 | લોખંડનું ટેબલ | 02 | 500 | 1000 |
| 16 | તિજોરી | 07 | 1150 | 8050 |
| 17 | ટી.વી. ડીશ | 01 | 200 | 200 |
| 18 | લોખંડની પાઇપ અને ભંગાર | 100 k.g | 28 | 2800 |
| 19 | લોખંડની પેટી | 02 | 300 | 600 |
| 20 | ગાડીના ટાયર | 14 | 107 | 1500 |
| 21 | પરચુરણ લોખંડ | 200 k.g | 20 | 4000 |
| 22 | લોખંડની મોટી પેટી (6x6) | 01 | 1000 | 1000 |
| 23 | ડાયનીંગ ટેબલ (લોખંડનું) | 01 | 600 | 600 |